ન્યૂઝીલેન્ડ સામેની વનડે શ્રેણી માટે ટીમ ઈન્ડિયા જાહેર

શુભમન ગિલની કેપ્ટન તરીકે જ્યારે શ્રેયસ અય્યરની વાઇસ કેપ્ટન તરીકે વાપસી

રોહિત-વિરાટ રહેશે આકર્ષણનું કેન્દ્ર, સિરાજ ફાસ્ટ બોલિંગનું નેતૃત્વ કરશે

મેચ	તારીખ	સ્થળ
પ્રથમ વનડે	11 જાન્યુઆરી	વડોદરા
બીજી વનડે	14 જાન્યુઆરી	રાજકોટ
ત્રીજી વનડે	18 જાન્યુઆરી	ઈન્દોર

નવી દિલ્હી, તા. 3 (પીટીઆઈ): બીસીસીઆઈ દ્વારા આગામી 11 જાન્યુઆરીથી ન્યૂઝીલેન્ડ સામે શરૂ થઈ રહેલી ત્રણ મેચોની વનડે સિરીઝ માટે ભારતીય ટીમની જાહેરાત કરવામાં આવી છે. આ સિરીઝમાં સ્ટાર ઓપનર શુભમન ગિલ કેપ્ટન તરીકે વાપસી કરી રહ્યો છે, જ્યારે મધ્યમ ક્રમના બેટ્સમેન શ્રેયસ અય્યરને ટીમનો વાઈસ કેપ્ટન બનાવવામાં આવ્યો છે. જોકે, અય્યરની પસંદગી ફિટનેસ ક્લિયરન્સને આધીન રહેશે અને તેણે 6 જાન્યુઆરીએ વિજય હઝારે ટ્રોફીમાં પોતાની ફિટનેસ સાબિત કરવી પડશે. દક્ષિણ આફ્રિકા સામેની સિરીઝમાં આરામ બાદ મોહમ્મદ સિરાજની ટીમમાં વાપસી થઈ છે. બીજી તરફ, વરિષ્ઠ ખેલાડીઓ રોહિત શર્મા અને વિરાટ કોહલી આ સિરીઝમાં આકર્ષણનું કેન્દ્ર રહેશે. પસંદગીકારોએ વર્કલોડ મેનેજમેન્ટને ધ્યાનમાં રાખીને જસપ્રીત બુમરાહ અને હાર્દિક પંડ્યાને આરામ આપ્યો છે. બીસીસીઆઈએ કહ્યું છે કે હાર્દિક પંડ્યાને 10 ઓવર બોલિંગ કરવા માટે ફિટનેસ ક્લિયરન્સ ન મળતા તેને ટીમમાં સામેલ કરવામાં આવ્યો નથી. સિરીઝની પ્રથમ મેચ 11 જાન્યુઆરીએ વડોદરામાં, બીજી મેચ 14 જાન્યુઆરીએ રાજકોટમાં અને ત્રીજી મેચ 18 જાન્યુઆરીએ ઈન્દોરમાં રમાશે.

ભારતીય વનડે ટીમ: શુભમન ગિલ (કેપ્ટન), રોહિત શર્મા, વિરાટ કોહલી, કે.એલ. રાહુલ (વિકેટકીપર), શ્રેયસ અય્યર (વાઇસ કેપ્ટન), વોશિંગ્ટન સુંદર, રવિન્દ્ર જાડેજા, મોહમ્મદ સિરાજ, હર્ષિત રાણા, પ્રસિદ્ધ કૃષ્ણા, કુલદીપ યાદવ, ઋષભ પંત (વિકેટકીપર), નીતિશ કુમાર રેડ્ડી, અર્શદીપ સિંહ, યશસ્વી જયસ્વાલ.

મોહમ્મદ શમીને ફરી બહાર રખાયો

અનુભવી ફાસ્ટ બોલર મોહમ્મદ શમીને ફરી એકવાર સિલેક્ટર્સે ટીમની બહાર રાખ્યા છે. લાંબા સમયથી ઈજા બાદ વાપસીની રાહ જોઈ રહેલા શમીની ગેરહાજરી એ સંકેત આપે છે કે બોર્ડ હવે હર્ષિત રાણા અને પ્રસિદ્ધ કૃષ્ણા જેવા યુવા બોલરોને વધુ તૈયાર કરવા માંગે છે.

હાર્દિક અને બુમરાહને આરામ

ટી-૨૦ વર્લ્ડ કપને ધ્યાનમાં રાખીને જસપ્રીત બુમરાહને આરામ આપવામાં આવ્યો છે. જ્યારે હાર્દિક પંડ્યાને બીસીસીઆઈના સેન્ટર ઓફ એક્સલન્સ (COE) દ્વારા 10 ઓવર બોલિંગ કરવાની પરવાનગી ન મળતા તેને પડતો મૂકવામાં આવ્યો છે.

સદી ફટકારવા છતાં ગાયકવાડ બહાર

દક્ષિણ આફ્રિકા સામે રાયપુરમાં 105 રનની શાનદાર ઇનિંગ રમનાર ઋતુરાજ ગાયકવાડને આ ટીમમાં સ્થાન મળ્યું નથી. વરિષ્ઠ ખેલાડીઓની વાપસી થતાં ગાયકવાડ, તિલક વર્મા અને ધ્રુવ જુરેલને ટીમમાંથી બહાર રહેવું પડ્યું છે.

ક્રિકેટ રમતા વિકસિત દેશોની અવિકસિત માનસિકતા

નિવૃત્ત થઈ રહેલા ખ્વાજાએ ઉપખંડના ખેલાડીઓના વિકસિત દેશોમાં સંઘર્ષ અંગે દિલ ખોલીને વાત કરી

અંડર-19 ટીમે પાકિસ્તાન સામેની હારથી કેટલીક કઠોર શીખ લેવા જેવી

લેઈટ કટ

- સુનિલ ગવાસ્કર

ઉસ્માન ખ્વાજાએ જાહેર કર્યું હતું કે સિડનીમાં રમાનારી છેલ્લી ટેસ્ટ મેચ ઓસ્ટ્રેલિયન ટીમમાં તેનું અંતિમ પ્રદર્શન હશે, ત્યારે તેણે પોતાના હૃદયથી વાત કરી હતી કે, ખાસ કરીને ઉપખંડના ખેલાડીઓને એવા દેશોમાં મોટા સંઘર્ષનો સામનો કરવો પડે છે જે પોતાને વિકસિત કહે છે પણ તેમના મગજમાં અને વિચારધારામાં ઘણું બધું વિકસાવવાનું બાકી છે. જ્યારે તે છેલ્લી વખતે મેદાન પર ઉતરશે ત્યારે તેને કેવા પ્રકારનો આવકાર મળે છે તે તમે આ વાંચશો ત્યાં સુધી તમને જાણવા મળી જશે અને તેની ટિપ્પણીઓ સાચી છે કે ખોટી છે તે વધુ સારી રીતે સમજી શકશો. બેન સ્ટોક્સને પણ મેલબોર્નમાં રમાયેલી હાસ્યાસ્પદ ટેસ્ટ મેચના અંતે એવું કહેવા બદલ પૂરા માર્ક્સ મળે છે કે જો દુનિયામાં બીજે ક્યાંય (અહીં ભારત વાંચો) આવી પિચ હોત તો ખૂબ આકરી ટીકા થઈ હોત. આશ્ચર્યજનક નથી કે ઘણા લોકો ક્યુરેટર, માફ કરશો, ટર્ફના ડિરેક્ટરનો બચાવ કરવા આવ્યા છે અને સૂચવ્યું છે કે પીચ પર આટલું ઘાસ છોડી દેવું એ એક પ્રામાણિક ભૂલ હતી. જૂના જમાના જેવું જ છે કે જ્યારે પણ કોઈ અંગ્રેજી અને ઓસ્ટ્રેલિયન અમ્પાયર ખોટા નિર્ણય લેતા હતા ત્યારે તે 'માનવીય ભૂલ' ગણાતી હતી જ્યારે ઉપ-ખંડના અમ્પાયરો દ્વારા કરવામાં આવેલી ભૂલો 'છેતરપિંડી' ગણાતી હતી. આજે પણ ICC અમ્પાયરોની પેનલ રમતોમાં કાર્યરત હોવા છતાં, તેમના દ્વારા કરવામાં આવેલી ભૂલનો વારંવાર તેમના નામ અને દેશ સાથે ઉલ્લેખ કરવામાં આવે છે જે એવું સૂચવે છે કે આ તેમની અક્ષમતા અથવા તેનાથી વધુના કારણે થયેલી ભૂલો હતી, જ્યારે કહેવાતા વિકસિત દેશોના અમ્પાયરો દ્વારા કરવામાં આવેલી સમાન ભૂલોને અવગણવામાં આવે છે જાણે કે તે મેચના પરિણામ માટે મહત્વપૂર્ણ ન હોય.

ઈંગ્લેન્ડ પાસે પ્રવાસનો અંત શાનદાર રીતે કરવાની અને નવા વર્ષની શરૂઆત જીત સાથે કરવાની તક છે. આ માટે તેમની ટીમમાં 'વિશિષ્ટ પ્રતિભા' તેમના અનુભવ મુજબ રમે અને અપેક્ષાઓ પર ખરી ઉતરે તે મહત્વપૂર્ણ છે. કેટલીકવાર આ મહાન ખેલાડીઓ ટીમ માટે ખૂબ જ ભાર સમાન બની શકે છે અને અન્ય સમયે, તેઓ પોતાની પ્રતિભાનો પરચો એવી રીતે આપે છે કે એવું લાગે છે કે તેમણે ફક્ત મેદાન પર જવાનું છે અને સફળતા તેમની પાસે આવી જશે. જોકે, આપણે અત્યાર સુધી જોયું છે તેમ, સફળતા અપ્રાપ્ય રહી છે અને આશા છે કે 'વિશિષ્ટ પ્રતિભા' આ સમયમાં પ્રદર્શન કરશે, આવનારા સમયમાં નહીં. જે બધા ઈંગ્લેન્ડના ખેલાડીઓએ રવિન્દ્ર જાડેજા અને વોશિંગ્ટન સુંદરની મજાક ઉડાવી હતી જ્યારે તેઓએ બેટિંગ કરવાનું અને તેમની સદીઓ પૂર્ણ કરવાનો અને મેદાનની બહાર જવાની ઓફર ન સ્વીકારવાનો નિર્ણય લીધો, તેઓ સમજી ગયા હશે કે ટેસ્ટ મેચની સદીઓ દરરોજ આવતી નથી. બંને ભારતીય બેટ્સમેનોએ તેમના વ્યક્તિગત 80ના દાયકા સુધી સંઘર્ષ કર્યો હતો અને બોલરોને હતાશ કર્યા હતા અને બીજી ટેસ્ટ બાકી હોવાથી, ફિલ્ડરોને થોડા વધુ સમય માટે તડકામાં રાખવાની યુક્તિ કરી રહ્યા હતા અને તેઓ આમ કરવા માટે સંપૂર્ણ રીતે હકદાર હતા. ક્રિકેટ એક એવી રમત છે જે ખેલાડીને તેના કર્મ પ્રમાણે ફળ આપે છે અને જે કોઈ આત્મવિશ્વાસના બદલે ઘમંડ દર્શાવે છે તે ખૂબ જ ઝડપથી આ બાબત શીખી જાય છે. ICC અંડર-19 વર્લ્ડકપ ટૂંક સમયમાં શરૂ થવાનો છે, ત્યારે ભારતની અંડર-19 ટીમ પાસે એ બતાવવાની સારી તક છે કે એશિયા કપના ફાઇનલમાં જે બન્યું તે મેદાનમાં એક ખરાબ દિવસ હતો. જીત અને હાર રમતનો ભાગ છે પરંતુ પાકિસ્તાન સામે 191 રનના મોટા માર્જિનથી મળેલી હાર એક આઘાતજનક બાબત હતી. સૌથી ખરાબ વાત એ હતી કે જે ટીમ અગાઉ નાની અંડર-19 ટીમો સામે બેવડી સદી અને રન બનાવતી હતી તે 50 ઓવરમાંથી ફક્ત 26 ઓવર જ બેટિંગ કરી શકી. અગાઉ સરળ વિકેટ મેળવનારા બોલરોને પર પણ પાકિસ્તાની યુવાનોએ 300 કરતાં વધુ રન બનાવી દીધા હતા.

ભારતીય બેટ્સમેન બેદરકાર શોટ્સથી આઉટ થયા તે ખૂબ જ નિરાશાજનક હતું. જો તેઓ અંડર-19 વર્લ્ડકપ જીતશે, તો તેઓ નિરાશા ભૂંસી નાખશે, પરંતુ તે કરવા માટે તેમણે રમતની પરિસ્થિતિ મુજબ રમવાનું શીખવું પડશે અને તેમની છબી પર ખરા ઉતરવાનો પ્રયાસ ન કરવો પડશે. હા, વિશિષ્ટ પ્રતિભા હોય કે ન હોય, પ્રદર્શન કરનાર પ્રતિભા સૌથી મહત્વપૂર્ણ છે.

બધા વાચકો માટે, આવનારું વર્ષ સુખી, સ્વસ્થ અને ઈશ્વરના આશીર્વાદથી ભરપૂર રહે.

ભારત-બાંગ્લાદેશ તણાવ: KKRએ મુસ્તાફિઝુરને રીલીઝ કર્યો

વર્તમાન પરિસ્થિતિઓને ધ્યાનમાં રાખીને આ આદેશ અપાયો: BCCI

KKRએ મુસ્તાફિઝુરને ૩.૯.20 કરોડની જંગી રકમમાં ખરીદ્યો હતો

બાંગ્લાદેશ ક્રિકેટ બોર્ડે આ બાબતે ચર્ચા કરવા માટે એક કટોકટીની બેઠક યોજી

ગુવાહાટી, તા. 3 (પીટીઆઈ): ભારત અને બાંગ્લાદેશ વચ્ચે વધતા રાજદ્વારી તણાવને કારણે IPL ફ્રેન્ચાઈઝી કોલકાતા નાઈટ રાઈડર્સે (KKR) સ્ટાર ફાસ્ટ બોલર મુસ્તાફિઝુર રહેમાનને ટીમમાંથી બહાર કરી દીધો છે. ગત મહિને હરાજીમાં KKRએ મુસ્તાફિઝુરને ૩.૯.20 કરોડની જંગી રકમમાં ખરીદ્યો હતો, પરંતુ BCCIના કડક નિર્દેશ બાદ આ નિર્ણય લેવાયો છે.

BCCI સચિવ દેવજિત સૈકિયાએ સ્પષ્ટતા કરી છે કે વર્તમાન પરિસ્થિતિઓને ધ્યાનમાં રાખીને આ આદેશ અપાયો છે અને KKR ઈચ્છે તો તેના સ્થાને અન્ય ખેલાડીની માગ કરી શકે છે. મુસ્તાફિઝુર 2016થી IPL રમી રહ્યો છે, પરંતુ આ વખતે રાજકીય કારણોસર તેને મેદાન બહાર રહેવું પડશે. આ નિર્ણયથી ભવિષ્યમાં પાકિસ્તાની ખેલાડીઓની જેમ બાંગ્લાદેશી ખેલાડીઓ પર પણ IPLમાં રમવા માટેના દ્વાર બંધ થઈ શકે તેવી અટકળો તેજ બની છે. ૩.2 કરોડની બેઝ પ્રાઈઝ સામે ૩.૯.20 કરોડમાં વેચાયેલા મુસ્તાફિઝુર માટે આ મોટો આર્થિક અને વ્યાવસાયિક ફટકો છે. આવતા મહિને ભારતમાં યોજાનારા T20 વર્લ્ડ કપમાં બાંગ્લાદેશી ટીમની સુરક્ષા અને સહભાગિતા પર પણ હવે પ્રશ્નાર્થ ચિહ્નો ઉભા થયા છે. શનિવારે મોડી રાત્રે, બાંગ્લાદેશ ક્રિકેટ બોર્ડે આ બાબતે ચર્ચા કરવા માટે એક કટોકટીની બેઠક યોજી હતી. રવિવારે બીસીબી તરફથી સત્તાવાર નિવેદન આવવાની અપેક્ષા છે.

બાંગ્લાદેશ સાથે દ્વિપક્ષીય સંબંધો ખરાબ થયા છે

બાંગ્લાદેશમાં શેખ હસીના સરકારના પતન અને ત્યારબાદ લઘુમતીઓ પર થયેલા હુમલાઓને કારણે ભારત સાથેના સંબંધોમાં ભારે ખટાશ આવી છે. ઢાકા દ્વારા ભારતીય હાઈ કમિશનરને વારંવાર સમન્સ મોકલવા અને પાકિસ્તાન સાથે તેમની વધતી નિકટતાએ સ્થિતિ વધુ ગંભીર બનાવી છે. આ જ કારણ છે કે ભાજપના નેતાઓએ પણ કોલકાતા નાઈટ રાઈડર્સના માલિક શાહરૂખ ખાન દ્વારા બાંગ્લાદેશી ખેલાડીની પસંદગી સામે સવાલો ઉઠાવ્યા હતા, જેના દબાણ હેઠળ આખરે આ નિર્ણય લેવો પડ્યો છે. જો સ્થિતિ વધુ વણસશે, તો ભારત-બાંગ્લાદેશ ક્રિકેટ સંબંધો પણ ભારત-પાકિસ્તાન જેવી સ્થિતિમાં પહોંચી શકે છે, જ્યાં બંને ટીમો માત્ર તટસ્થ સ્થળોએ જ એકબીજા સામે રમે છે.

વિજય હજારે રાઉન્ડ અપ

દિલ્હીએ સર્વિસને હરાવ્યું, પંતની અણનમ અડધી સદી

બેંગ્લુરૂ, તા. 3 (પીટીઆઈ): ભારતીય વિકેટકીપર-બેટ્સમેન ઋષભ પંતે ખરાબ ફોર્મમાંથી બહાર નીકળીને અણનમ અડધી સદી ફટકારી, જેની મદદથી શનિવારે વિજય હજારે ટ્રોફી ગ્રુપ-ડીના પાંચમા રાઉન્ડમાં દિલ્હીએ સર્વિસિસ પર આઠ વિકેટથી વિજય મેળવી હતી. ઓપનર પ્રિયાંશ આર્ય (72 અણનમ) અને પંતની (67 અણનમ) આક્રમક અડધી સદીઓની મદદથી દિલ્હીએ માત્ર 19.4 ઓવરમાં 178 રનનો લક્ષ્યાંક હાંસલ કર્યો. આ જીત સાથે, પંતની આગેવાની હેઠળની ટીમે તેના નેટ રન રેટમાં નોંધપાત્ર સુધારો કર્યો છે. દિલ્હી 16 પોઈન્ટ અને +0.803ના પ્રભાવશાળી નેટ રન રેટ સાથે ટેબલમાં ટોચ પર પહોંચી ગયું છે. હરિયાણા (16 પોઈન્ટ, +0.460) બીજા સ્થાને છે. ઓડિશા, રેલવે અને સૌરાષ્ટ્રના 12-12 પોઈન્ટ છે, જ્યારે ગુજરાતના 8 પોઈન્ટ છે.

ગુજરાતે આંધ્રને હરાવ્યું, અક્ષરની સદી

ગ્રુપ ડીની અન્ય એક મેચમાં ભારતીય ઓલરાઉન્ડર અક્ષર પટેલની પહેલી લિસ્ટ-એ સદીની મદદથી ગુજરાતે આંધ્રને અલુરમાં સાત રનથી હરાવ્યું હતું. દક્ષિણ આફ્રિકા સામે T-20 આંતરરાષ્ટ્રીય સિરીઝમાં રમ્યા બાદ વિજય હજારે ટ્રોફીમાં પોતાની પહેલી મેચ રમી રહેલા અક્ષર પટેલે 111 બોલમાં 130 રનની ઈનિંગ રમીને ગુજરાતને સંકટની પરિસ્થિતિમાંથી બહાર કાઢ્યું હતું. 99 રન પર પાંચમી વિકેટ ગુમાવ્યા બાદ ગુજરાત સંઘર્ષ કરી રહ્યું હતું, પરંતુ અક્ષર, જેણે પોતાની ઈનિંગમાં 10 ચોગ્ગા અને 5 છગ્ગા ફટકાર્યા હતા, તેણે વિશાલ જયસ્વાલ (70 રન) સાથે 142 રનની ભાગીદારી કરી અને ટીમને નવ વિકેટે 318 રન સુધી પહોંચાડી. આંધ્ર સાત વિકેટે માત્ર 311 રન જ બનાવી શક્યું. અક્ષરે બોલ સાથે પણ શાનદાર પ્રદર્શન કર્યું, બે વિકેટ લીધી. રવિ બિશ્નોઈએ ત્રણ વિકેટ લીધી.

પાકિસ્તાને ICCને ટી-20 વર્લ્ડકપ માટે સંભવિત ટીમની યાદી સોંપી

લાહોર, તા. 3: પાકિસ્તાને T-20 વર્લ્ડકપ માટે પોતાની 15 સભ્યોની સંભવિત ટીમની યાદી ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલને (ICC) સુપરત કરી છે, પરંતુ હજુ સુધી તેને જાહેર કરવામાં આવી નથી. પાકિસ્તાન ક્રિકેટ બોર્ડના (PCB) એક વિશ્વસનીય સૂત્રએ આ માહિતી આપી છે. બધી ટીમોને 31 જાન્યુઆરી સુધી તેમની સંભવિત ટીમોમાં ફેરફાર કરવાની છૂટ છે. તે પછી કોઈપણ ફેરફાર માટે ICC ની ટુર્નામેન્ટ ટેકનિકલ કમિટીની મંજૂરીની જરૂર પડશે. પાકિસ્તાનની સંભવિત ટીમમાં ઈજાગ્રસ્ત ફાસ્ટ બોલર શાહીન શાહ આફ્રિદી, ભૂતપૂર્વ કેપ્ટન બાબર આઝમ અને ઓલરાઉન્ડર શાદાબ ખાનનો પણ સમાવેશ થાય છે. પસંદગીકારોએ શ્રીલંકા સામેની શ્રેણી માટે પસંદ કરાયેલા મોટાભાગના ખેલાડીઓનો વર્લ્ડ કપ માટે તેમની સંભવિત ટીમમાં સમાવેશ કર્યો છે. શાહીનની અંતિમ પસંદગી ઘૂંટણની ઈજામાંથી સ્વસ્થ થવા પર નિર્ભર રહેશે. સ્પિનર ઉસ્માન તારિક અને અબરાર અહેમદ, ઓલરાઉન્ડર ફહીમ અશરફ અને મોહમ્મદ નવાઝ, સૈમ અયુબ, સાહિબજાદા ફરહાન, ફખર ઝમાન, નસીમ શાહ, ઉસ્માન ખાન, મોહમ્મદ વસીમ જુનિયર અને સલમાન અલી આગા સહિત અન્ય ખેલાડીઓનો સમાવેશ સંભવિત ટીમમાં કરવામાં આવ્યો છે.

ભારત-બાંગ્લાદેશ દ્વિપક્ષીય શ્રેણી પર જોખમ તોળાયું

હાલની પરિસ્થિતિને જોતા BCCI બાંગ્લાદેશ પ્રવાસ માટે મંજૂરી આપે તેવી શક્યતા નહિવત છે

નવી દિલ્હી, તા. 3 (પીટીઆઈ): ભારત અને બાંગ્લાદેશ વચ્ચેના વણસતા રાજદ્વારી સંબંધોને કારણે આગામી દ્વિપક્ષીય ક્રિકેટ શ્રેણી પર જોખમ તોળાઈ રહ્યું છે. બાંગ્લાદેશ ક્રિકેટ બોર્ડ (BCB) દ્વારા સપ્ટેમ્બરમાં ત્રણ વનડે અને ત્રણ ટી-20 મેચોના શિડ્યુલની શુક્રવારે જાહેરાત કરવામાં આવી હતી તો છતાં, ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (BCCI) આ પ્રવાસ માટે મંજૂરી આપે તેવી શક્યતા નહિવત જણાય છે.

બાંગ્લાદેશે જાહેર કરેલા શેડ્યુલ મુજબ ભારતીય ટીમ 28 ઓગસ્ટે બાંગ્લાદેશ જવાની હતી અને 1 સપ્ટેમ્બરથી 3 વન-ડે મેચોની સિરીઝ અને 9 સપ્ટેમ્બરથી 3 ટી-20 મેચોની સિરીઝ રમાવાની હતી, બીસીબીએ જણાવ્યું હતું કે તેણે બીસીસીઆઈ સાથે ચર્ચા કરીને આ જાહેરાત કરી છે. બાંગ્લાદેશમાં છેલ્લા છ મહિનાથી ચાલી રહેલી રાજકીય હિંસા અને અસ્થિરતાને કારણે BCCI સુરક્ષાના મુદ્દે અત્યંત સાવધ છે. આવતા મહિને ભારતમાં યોજાનારા ટી-20 વર્લ્ડ કપમાં બાંગ્લાદેશની ભાગીદારી અને ત્યારપછીના વલણ પર સૌની નજર રહેશે. હાલની પરિસ્થિતિને જોતા ભારત માટે બાંગ્લાદેશનો પ્રવાસ કરવો અશક્ય જણાય છે.

એશિઝની છેલ્લી મેચ : સ્ટેડિયમમાં ભારે સુરક્ષા વ્યવસ્થા ગોઠવવામાં આવશે

સિડની, તા. 3 (એપી): સિડનીના બોન્ડી બીચ પર ગોળીબારની ઘટનાને પગલે, રવિવારથી શરૂ થઈ રહેલી ઓસ્ટ્રેલિયા અને ઈંગ્લેન્ડ વચ્ચેની પાંચમી અને અંતિમ એશિઝ ટેસ્ટ મેચ માટે સિડની ક્રિકેટ ગ્રાઉન્ડ પર સુરક્ષા કડક કરવામાં આવી છે. લાંબી રાઈફલોથી સજ્જ પોલીસ મેચ દરમિયાન મેદાન પર પેટ્રોલિંગ કરશે. ઓસ્ટ્રેલિયામાં કોઈપણ રમતગમત કાર્યક્રમ દરમિયાન આ સ્તરની સુરક્ષા સામાન્ય રીતે જોવા મળતી નથી. સિડની ક્રિકેટ ગ્રાઉન્ડ (SCG) ખાતેની મેચમાં સ્ટેડિયમ ખીચોખીચ ભરેલું હોવાની અપેક્ષા છે. યુનિફોર્મ પહેરેલા અને ઘોડેસવાર પોલીસ, જાહેર વ્યવસ્થા અને રમખાણ નિયંત્રણ અધિકારીઓ સાથે, નજર રાખશે. ત્રણ અઠવાડિયા પહેલા બોન્ડી બીચ પર હનુક્કાહ ઉજવણી દરમિયાન બે બંદૂકધારીઓએ 15 લોકોની હત્યા કરી હતી. પોલીસના વરિષ્ઠ અધિકારી માલ લૈન્ગોને કહ્યું હતું કે કડક સુરક્ષા વ્યવસ્થા કરવાનો હેતુ જનતાને સુરક્ષા પ્રત્યે ખાતરી આપવાની છે. 26 ડિસેમ્બરથી મેલબોર્ન ક્રિકેટ ગ્રાઉન્ડ પર રમાનારી ચોથી એશિઝ ટેસ્ટ માટે પણ સમાન સુરક્ષા પગલાં અપનાવવામાં આવ્યા હતા.

હાર્દિકની શાનદાર સદી છતાં બરોડા હાર્યું

હાર્દિકે એક ઓવરમાં 5 છગ્ગા અને 1 ચોગ્ગો ફટકાર્યો

119 મેચોમાં આ હાર્દિકની પ્રથમ લિસ્ટ-એ સદી છે

બરોડાએ આપેલા 294 રનના લક્ષ્યાંકને વિદર્ભે 41.4 ઓવરમાં હાંસલ કર્યો

રાજકોટ, તા. 3 (પીટીઆઈ): હાર્દિક પંડ્યાની 92 બોલમાં 133 રનની આક્રમક ઈનિંગ છતાં, શનિવારે અહીં વિજય હજારે ટ્રોફી ગ્રુપ-Bની મેચમાં વિદર્ભ સામે બરોડાને નવ વિકેટથી કારમી હારનો સામનો કરવો પડ્યો. હાર્દિકે પોતાની ઈનિંગમાં આઠ છગ્ગા અને 11 ચોગ્ગા ફટકાર્યા. તેણે 39મી ઓવરમાં સતત 5 છગ્ગા અને 1 ચોગ્ગો પણ ફટકાર્યો હતો. એક સમયે બરોડાનો સ્કોર પાંચ વિકેટે 71 રન હતો, પરંતુ હાર્દિકે પછી વિસ્ફોટક ઈનિંગ રમીને ટીમને નવ વિકેટે 293 રન સુધી પહોંચાડી દીધી. જોકે, વિદર્ભે સરળતાથી લક્ષ્યનો પીછો કર્યો. અમન મોખાડે 121 બોલમાં 150 રન બનાવી અણનમ રહ્યો, અને ધ્રુવ શોરેએ 76 બોલમાં 65 રનનું યોગદાન આપ્યું. ટીમે માત્ર 41.4 ઓવરમાં 294 રનનો લક્ષ્યાંક હાંસલ કર્યો. પાંચ મેચમાં વિદર્ભનો આ ચોથો વિજય હતો, જ્યારે પાંચ મેચમાં બરોડાનો બીજો પરાજય થયો. ટુર્નામેન્ટમાં પોતાની પહેલી મેચ રમી રહેલા હાર્દિકે સાતમા નંબરે બેટિંગ કરી અને ધમાકેદાર ઈનિંગ રમી. આમ તેણે તેની 119મી મેચમાં તેની પહેલી લિસ્ટ-એ સદી ફટકારી.

દક્ષિણ ગુજરાત વીજ કંપની લિમિટેડ
CIN U40102GJ2003SGC042909
સુરત ગ્રામ્ય વિભાગીય કચેરી
ઊર્જા સદનની સામે, નાના વરાછા રોડ, કાપોદ્રાયાર રસ્તા, સુરત ૩૯૫ ૦૦૬
ફોન નં. ૦૨૬૧-૨૮૦૪૩૫૧ | ટોલ ફ્રી નં. ૧૯૧૨૩ અથવા ૧૮૦૦ ૨૩૩૦૦૩

"સુરત રૂરલ વિભાગીય કચેરી અંતર્ગત "ઊર્જા સેવા કેન્દ્ર"માટે મકાન ભાડે જોઈએ છે"

દક્ષિણ ગુજરાત વીજ કંપની લિમિટેડનીસુરત રૂરલ વિભાગીય કચેરીહેઠળ "ઊર્જા સેવા કેન્દ્ર" માટે આશરે ૪૦૦ થી ૫૦૦ ચો.ફુટ (જેમાં પેસેજ, બાથરૂમ, દાદર વગેરે એરિયા ગણાશે નહિ) કારપેટ એરિયાસાથે પાકા બાંધકામ વાળી જગ્યા ઓફીસના વપરાશ માટેસુરત રૂરલ વિભાગીય કચેરીના વિસ્તારમાં મુખ્ય માર્ગની આજુબાજુજેમ કે પૂણા પાટિયા થી પુજન પ્લાઝા - સેતુબંધ હાઇટ્સ તરફનો મુખ્ય કેનાલ રોડ તથા આજુબાજુની મુખ્ય માર્ગ પર ઓછામાં ઓછા પાંચ વર્ષના ભાડાના કરારથી ભાડેથી જોઈએ છે. રસ ધરાવનાર પાર્ટીએ દરખાસ્ત સાથે નીચે મુજબના જરૂરી પુરાવા મોકલી આપવાના રહેશે.

1. મકાનના બાંધકામ પ્લાન અને સ્થળ દર્શાવતા નકશાની સક્ષમ કક્ષાએ મંજૂર કરેલ સહી સીક્કાવાળા નકશાની બે નકલ
2. મકાનના બાંધકામ પ્લાનમાંથી જેટલો ભાગ ભાડે આપવા માંગતા હો તેનો ટોટલ કારપેટ એરિયા કેટલા ચો.ફુટ છે તે દર્શાવવું અને તેભાગને બાંધકામ પ્લાન અને સ્થળ દર્શાવતા નકશામાં આવશ્યક માર્કિંગ કરવાનું રહેશે.
3. મકાન નામે છે તે અંગે મકાનનાં આકારણી પત્રક, વેરા પાવતી, દસ્તાવેજની સર્ટીફાઈડ નકલ, ભાગીદારો હોય તો "પાવર ઓફ એટર્ની" ની નકલ તેમજ જગ્યાનું ભાડું બધા ટેક્ષ, વેરા સહિત છે તેની વિગત જણાવવાની રહેશે.
4. માન્ય સ્ટ્રક્ચરલ એન્જીનીયરનું "સ્ટ્રક્ચરલસ્ટેબીલીટી સર્ટીફીકેટ"
5. બીલ્ડીંગ વપરાશ સર્ટીફીકેટ સક્ષમ વિભાગના સહી સીક્કાવાળું

નોંધ-ઉપરોક્ત દરખાસ્ત બે કવરમાં મોકલવાની રહેશે જેમાં એક કવરમાં ઉપરોક્ત જરૂરી તમામ પુરાવા અને કેટલો કારપેટ એરિયા છે તે દર્શાવવાનું રહેશે અને બીજા કવરમાં (કવર ઉપર ભાવપત્રક અવશ્ય લખવું)જગ્યાનું ભાડું એક ચો. ફુટ કારપેટ એરિયાના એક મહિનાના ભાવ સાથે કુલ ભાડું (બધા ટેક્ષ, વેરા સહિત છે તેની વિગત જણાવવાની રહેશે) દર્શાવવાનું રહેશે. ત્યારબાદ આ બંને કવર સીલ બંધ કરીને એક મોટા કવરમાં રસ ધરાવનાર પાર્ટીએ તા.૨૫.૦૧.૨૦૨૬ ના રોજ બપોરના ચાર વાગ્યા સુધીમાં મળી જાય તે રીતે આર.પી.એ.ડી /સ્પીડ પોસ્ટથી સીલ બંધ કવરમાં સંપૂર્ણ દરખાસ્ત કાર્યપાલક ઈજનેરશ્રી (સં.અને નિ.), દ.ગુ.વી.કં.લિ., સુરત રૂરલ વિભાગીય કચેરી, નાના વરાછા રોડ, કાપોદ્રા ચાર રસ્તા, કાપોદ્રા, સુરત - ૩૯૫૦૦૬ ના સરનામે મોકલી આપવી. કવર પર "સુરત રૂરલ વિભાગીય કચેરી અંતર્ગત "ઊર્જા સેવા કેન્દ્ર" માટે મકાન ભાડે રાખવા બાબત" જરૂર લખવું, જો આ મુજબ દરખાસ્ત મોકલવામાં નહિ આવે અથવા કોઈ પણ પુરાવા ઘટતા મોકલેલ હશે તો તેઓની અરજી મંજુર થશે નહિ અને તેઓશ્રી દ્વારા ભરેલ ભાવ ખોલવામાં નહિ આવે તેમજ આ અંગે આખરી નિર્ણય દ.ગુ.વી.કં.લિ.ના સક્ષમ અધિકારીનો રહેશે જે બાબતે આપની કોઈપણ રજૂઆત ધ્યાનમાં લેવામાં નહિ આવે.

આ ઉપરાંત રસ ધરાવનાર પાર્ટીઓને નીચે મુજબની શરતો બંધનકર્તા રહેશે.

1. ઓફીસ માટેનું મકાન કોમર્શીયલ હેતુસર મજુર થયેલ સંપૂર્ણ હવા ઉજાશવાળું હોવું જોઈએ
2. મકાન ભાડા કરારની મુદત ઓછામાં ઓછી પાંચ (૦૫) વર્ષની રહેશે તેમજ દ.ગુ.વી.કં.લિ. કોઈપણ સમયે ખાલી કરી શકશે
3. દ.ગુ.વી.કં.લિ.ની જરૂરિયાત મુજબ જરૂરી એવા કેબીન મકાન માલિકે પોતાના ખર્ચે બનાવી આપવાના રહેશે તેમજ પુરુષ અને સ્ત્રી સ્ટાફ માટે અલગથી શૌચાલયની વ્યવસ્થા કરી આપવાની રહેશે.
4. પાર્કિંગ માટે અલગ થી આશરે ૨૦૦૦ ચો.ફુટ ખુલ્લી જગ્યા મફતમાં આપવાની રહેશે.
5. ઇલેક્ટ્રિક વાયરિંગ મકાન માલિકે પોતાના ખર્ચે કરી આપવાનું રહેશે.
6. જરૂરિયાત મુજબ સમયાંતરે મકાનનું રંગરોગાન અને મરામત મકાન માલિકે કરી આપવાનું રહેશે.
7. ભોયતળીયાના મકાનને પ્રથમ પસંદગી આપવામાં આવશે.

કોઈપણ દરખાસ્ત મંજુર કરાવી કે ન કરાવી તેની આખરી સત્તા દ.ગુ.વી.કં.લિ. ના મંજુર કરનાર સક્ષમ અધિકારીની રહેશે. દ.ગુ.વી.કં.લિ. ની મંજૂરી મળ્યેથી મકાનનો કબજો તરત જ આપવાનો રહેશે.

કાર્યપાલક ઈજનેર(સં.અને નિ.),સુરત રૂરલ વિભાગીય કચેરી, દ.ગુ.વી.કં.લિ.

એમ.સી.બી./ ઈ.એલ.સી.બી./ આર.સી.સી.બી લગાવી વીજળીના ઝટકાથી બચોઅને વીજ અકસ્મા